# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

**ગુજરાત રાજ્ય,ગાંધીનગર**

**સેકટરનં.૧૦/એ,સેંટ જેવિયર્સ સ્કુલ સામે,ગાંધીનગર**

---

નં.સુરત/સુચિત/નરયોનં. ૮૩(વરીયાવ–કોસાડ)/પરામર્શ/દ.ગુ/૧૦૪ તા–

મુખ્યસ્થ કચેરી
૧૧ માર્ચ 2013
જી ૧/૧૪૩૮

E 7 MAR 2013

ઇનવર્ડ નં. ૬૩૯૯
ટી.પી.શ.
તારીખ ૧૨-૩-૧૩

પ્રતિ,
કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલીકા,
સુરત

વિષયઃ– ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૩(વરીયાવ–કોસાડ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભઃ– આપશ્રીનાં તા–૧૩/૯/૨૦૧૨ ના પત્ર નં.ટીપીડી/૩૬૪૧.

ઉપરોક્ત વિષયાન્વયે આપશ્રી દવારા સંદર્ભ તળેના પત્રથી , ગુજરાત નગર રચનાં અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૩(વરીયાવ–કોસાડ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત પાઠવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૩(વરીયાવ–કોસાડ) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ નીચેની શરતોને આધીન પરામર્શ આપવા સૈધાન્તિક મંજુરી આપવામા આવે છે.

૧. યોજનામાં આવતા હયાત જળપ્રવાહો યથાવત રાખવાના રહેશે.
૨. સુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તો યોજનામાં યથાવત રાખવાની રહેશે.
૩. યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જે તે ગામની મુળખંડોની જમીનોને તે જ ગામની જમીનોમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૪. યોજનામાં સમાવિષ્ટ જમીનોના સત્તાપ્રકારનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી સરકારશ્રીનું હિત જાળવવાનું રહેશે.
૫. યોજનામાં સમાવિષ્ટ ફાજલ જમીનોને અલગ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૬. યોજનામાં સમાવિષ્ટ જે તે ઝોનમાં આવતી જમીનોને તે જ ઝોનની જમીનોમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૭. યોજના વિસ્તારની માપણી કરાવી , યોજનાના ક્ષેત્રફળ બાબતે ડી.આઇ.એલ.આર.શ્રીનું પ્રમાણપત્ર મેળવી અત્રેને પાઠવ્યા બાદ જ યોજનાનો ઇરાદો જાહેર કરવાનો રહેશે.
૮. યોજના વિસ્તારની લાગુમાં આવતી યોજનાની વિગતો નકશામાં દર્શાવવાની રહેશે.તેમજ લાગુ યોજનાની હદ બાબતે ચકાસણી કરી લેવાની રહેશે.

આ સાથે નકશામાં જરૂરી સહી–સિકકા કરી આપેલ છે.

મુખ્ય નગર નિયોજક
ગુજરાતરાજ્ય,ગાંધીનગર

નકલ રવાના –પ્રતિ,
૧. પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત વિભાગ,વડોદરા તરફે જાણ સારૂ.
૨. નગર નિયોજકશ્રી, સુરત શાખા, સુરત તરફે જાણ સારૂ.